# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તાઃ ૧૬/૦૩/૨૦૨૪

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.

આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# ચેમ્બર ઓફ કોમર્સના વુમન આંત્રપ્રિન્યોર સેલ દ્વારા 'રાઈઝ એન્ડ શાઈન ઓનરિંગ વુમન્સ ડે વિથ એમ્પાવરમેન્ટ' કાર્યક્રમ યોજાયો

## વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનું ધ્યેય માત્ર વુમન એમ્પાવરમેન્ટ નહીં પણ વુમન લેડ એમ્પાવરમેન્ટનો છે : ભારતના કેન્દ્રીય ટેક્ષ્ટાઈલ્સ અને રેલ્વે રાજ્ય મંત્રી દર્શનાબેન જરદોશ

## ભારતને વર્ષ ૨૦૩૦ સુધીમાં ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનાવવાના ધ્યેય માટે વર્કફોર્સમાં મહિલાઓની સક્રિય ભાગીદારી હોવી ખૂબ જ જરૂરી : ચેમ્બર પ્રમુખ રમેશ વઘાસિયા

**સુરતઃ** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના વુમન આંત્રપ્રિન્યોર સેલ દ્વારા શુક્રવાર, તા. ૧૫ માર્ચ ૨૦૨૪ના રોજ બપોરે ૦૩:૦૦ કલાકે, પ્લેટિનમ હોલ, સરસાણા, સુરત ખાતે 'રાઈઝ એન્ડ શાઈન ઓનરિંગ વુમન્સ ડે વિથ એમ્પાવરમેન્ટ' કાર્યક્રમ યોજાયો હતો. જેમાં મુખ્ય અતિથિ તરીકે ભારત સરકારના કેન્દ્રીય ટેક્ષ્ટાઈલ્સ અને રેલ્વે રાજ્ય મંત્રી દર્શનાબેન જરદોશ તથા વક્તાઓ તરીકે પેલેસ ઓન વ્હીલ્સના ડિઝાઈનર આર્કિટેકચર પાયલ કપૂર, બોલીવુડમાં ડ્રેપિંગ માટે પ્રખ્યાત ધ ડ્રેપ એક્ષ્પર્ટ ડોલી જૈન અને એસ્ટ્રોલોજર એન્ડ વાસ્તુ કન્સલટન્ટ રિધી બહલે મહિલાઓ સમક્ષ પોતપોતાના વકતવ્યો રજૂ કરી તેઓને બિઝનેસમાં આગળ વધવા માટે પ્રોત્સાહિત કર્યા હતા.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ રમેશ વઘાસિયાએ સ્વાગત પ્રવચન કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, 'હાલમાં મહિલાઓ બિઝનેસ, સામાજિક, રાજકીય, શૈક્ષણિક અને સાંસ્કૃતિક દરેક ક્ષેત્રમાં મહત્વનું યોગદાન આપી રહી છે. વિશ્વનો સૌથી યુવા દેશ ભારતને વર્ષ ૨૦૩૦ સુધીમાં ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનાવવાના ધ્યેય માટે વર્કફોર્સમાં મહિલાઓની સક્રિય ભાગીદારી હોવી ખૂબ જ જરૂરી છે. ભારતની કુલ વસ્તીના ૪૮ ટકા વસ્તી મહિલાઓની છે. વર્ષ ૨૦૨૨માં મહિલા કર્મચારીઓની ભાગીદારી ૨૭ ટકા હતી.'

મહિલાઓને માત્ર પરિવારની જ નહીં પણ અર્થતંત્રની કરોડરજ્જૂ ગણાવતાં તેમણે કહ્યું હતું કે, 'ભારતની અર્થવ્યવસ્થાને વધુ મજબૂત બનાવવા માટે માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ ભારતના ઉદ્યોગકારોને ૧ ટ્રિલિયન યુએસ ડોલરનું એક્ષ્પોર્ટ કરવા માટે ટારગેટ આપ્યો છે, આથી ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીએ સુરતથી એક્ષ્પોર્ટમાં વધારો કરવા હેતુ SGCCI ગ્લોબલ કનેકટ મિશન ૮૪ વિઝન હાથ ધર્યું છે. મિશન ૮૪ અંતર્ગત સુરત સહિત દક્ષિણ ગુજરાત, ગુજરાત રિજીયન અને દેશભરમાંથી રૂપિયા ૮૪૦૦૦ કરોડનું એક્ષ્પોર્ટ કરવા માટેનો સંકલ્પ લેવાયો છે. જેમાં ૧૦ ટકા મહિલા સાહસિકોને જોડવા માટે પ્રયાસ કરવામાં આવી રહયો છે. હાલમાં ભારતમાં ૨૦.૩૭ ટકા મહિલાઓ MSME ની માલિકો છે, જ્યારે ૨૩.૩ ટકા મહિલાઓ શ્રમ દળમાં હિસ્સો ધરાવે છે.'

ભારત સરકારના કેન્દ્રીય ટેક્ષ્ટાઈલ્સ અને રેલ્વે રાજ્ય મંત્રી દર્શનાબેન જરદોશે કાર્યક્રમનું ઉદઘાટન કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, 'વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનું ધ્યેય માત્ર વુમન એમ્પાવરમેન્ટ નહીં પણ વુમન લેડ એમ્પાવરમેન્ટનો છે. રેલ્વે સેક્ટરના વિવિધ પદો પર અનેક મહિલાઓ ખૂબ જ સારી રીતે પોતાની ફરજ બજાવી રહી છે. હાલમાં મહિલાઓ પોતાની કલા અને પરિશ્રમથી આર્થિક રીતે આત્મનિર્ભર બની, પોતાના સપનાઓને સાકાર કરી રહી છે, જેમ કે, ઓલમ્પિક ચેમ્પિયન મીરા ચાનુએ પોતે હેન્ડલુમ પર કામ કરીને દેશ માટે ગોલ્ડ મેડલ જીતવાનું સપનું સાકાર કર્યું છે. મહિલાઓએ ભારતની સંસ્કૃતિને જાળવી રાખવાની છે તેવી અપીલ તેમણે કરી હતી.'

એસ્ટ્રોલોજર એન્ડ વાસ્તુ કન્સલ્ટન્ટ રિધી બહલે જણાવ્યું હતું કે, 'જ્યોતિષ અને વાસ્તુનો સંબંધ હજારો વર્ષોથી ભારતીય સંસ્કૃતિ અને સનાતન સાથે જોડાયેલો છે. જ્યોતિષ અને વાસ્તુ માનવી જીવનમાં GPS જેવું કામ કરે છે. લોકો જ્યોતિષને જાદુગર સમજે છે પણ એવું નથી તે તમને જીવનમાં આગામી ક્યા સમયમાં સાચવવાનું છે, જીવનમાં ક્યારે ચેલેન્જીસ આવશે તેની માહિતી આપે છે. હાલમાં સોશિયલ મીડિયામાં વિવિધ પ્રકારના એસ્ટ્રો રીલ જોવા મળે છે, પરંતુ તેમને અનુસરીને કાર્ય કરવું નાગરિકોને ભારે પડી શકે છે. રીલમાં જે બતાવવામાં આવે છે તે સાચું હોતું નથી.'

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, 'ગ્રહો માનવીના જીવન પર ઊંડી અસર કરે છે. જો પૂર્ણિમાની તિથીએ સમુદ્રમાં હાઈટાઈટ આવી શકે છે તો માનવીના જીવન પર પણ ગ્રહોની અસર થઈ શકે છે. કોઈ દિશા

સારી કે ખરાબ નથી હોતી. સાઉથ-ઈસ્ટનું ઘર ખરાબ હોય તેવું નથી પણ પંચતત્વ અગ્નિ, વાયુ, આકાશ, પૃથ્વી અને જળનું અસંતુલન હોય તો વાસ્તુદોષ હોય છે.'

પેલેસ ઓન વ્હીલ્સના ઈન્ટિરિયર ડિઝાઈનર આર્કિટેક્ચર પાયલ કપૂરે જીવનના સંઘર્ષમય સફરની માહિતી આપી હતી. તેમણે જણાવ્યુ હતું કે, 'બાળપણમાં માતા-પિતાએ તરછોડી દીધા બાદ જીવનમાં અનેક સંઘર્ષો કરી શિક્ષણ પૂર્ણ કર્યું હતું. સમગ્ર ફેમિલી આર્મીમાં હોવા છતાં અલગ કંઈક કરવાની મનમાં ઈચ્છા હોવાથી વિદેશમાં પાર્ટ-ટાઈમ નોકરી કરીને શિક્ષણ પૂર્ણ કર્યું હતું. ઈન્ટિરિયર ડિઝાઈનીંગની શરૂઆત નાના કામોથી કર્યા બાદ દેશના વિવિધ ભાગોમાંથી મોટી કંપનીઓમાંથી કામની ઓફર મળી, તેનાથી સપનાઓને નવા પંખ મળ્યા. પેલેસ ઓન વ્હીલના ઈન્ટિરિયર સ્પર્ધામાં ભાગ લીધો તો સો સ્પર્ધકો વચ્ચે કામ કરવાની તક મળી અને પછી જીવનમાં ક્યારેય પાછું ફરીને જોયું નથી. માત્ર એક વાત ધ્યાને રાખવા જેવી છે કે, તમારૂં કામ સારુ હશે તો તમે સોશિયલ મીડિયા પર છો કે નથી? તમે માર્કેટીંગ કરો છો કે નથી? તેનાથી ફરક નથી પડતો તેમ તેમણે જણાવ્યું હતું.'

બોલીવૂડમાં ડ્રેપિંગ માટે પ્રખ્યાત ધ ડ્રેપ એક્સપર્ટ ડોલી જૈને મહિલાઓને સાડીની પરંપરાને સાચવી રાખવાની અપીલ કરતા જણાવ્યું હતું કે, 'મહિલાઓ શિક્ષિત હોય તો જ આર્થિક રીતે આત્મનિર્ભર બની શકે છે તેવું નથી, મહિલાઓ પોતાની કલા થકી પણ જીવનમાં સફળ થઈ શકે છે. હું આજે એક સાડી પહેરાવવા માટે લાખો રૂપિયા લઉં છું, પણ એક સમયે ઘરની આર્થિક પરિસ્થિતી ખરાબ હોવાના કારણે સાતમા ધોરણ પછી શિક્ષણ છોડવું પડ્યું હતું. પરણીને સાસરે ગઈ, ત્યારે સાડી પહેરવામાં ૪૫ મિનીટ લાગતાં અને હાલમાં ૧૮.૫ સેકન્ડમાં સાડી પહેરવાનો અને પહેરાવવાનો ગિનિસ બુક વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો છે.'

સંઘર્ષના દિવસોને યાદ કરતા તેમણે જણાવ્યું હતું કે, 'સાડી પહેરાવવાનો પ્રથમ વિચાર બોલિવુડ સ્ટાર શ્રીદેવીને સાડી પહેરાવવામાં મદદ કર્યા બાદ તેમના પ્રશંસાથી આવ્યો અને ત્યાર બાદ સાડી ડ્રેપિંગની શરૂઆત કરી હતી. અનેક રાતો મોડે સુધી પ્રેક્ટીસ કરીને એક જ સાડીને ૮૦ રીતથી પહેરાવી, ત્યાર બાદ ૧૨૫, ૨૨૫ અને હવે એક જ સાડીને ૩૨૫ વિવિધ રીતથી પહેરાવવાનો વિક્રમ સર્જ્યો છે. સાડી માત્ર ૬ મીટરનું કપડું નથી, પણ તે સ્ત્રીઓનો શ્રૃંગાર, ભારતની સંસ્કૃતિ અને સન્માન છે.'

કાર્યક્રમમાં શહેરમાં વિવિધ ક્ષેત્રે કાર્ય કરતી આઠ મહિલાઓને વુમન આંત્રપ્રિન્યોર એક્સલેન્સ એવોર્ડથી અને વુમન આંત્રપ્રિન્યોર સેલના સભ્યોને સર્ટિફિકેટ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

ચેમ્બર ઓફ કોમર્સના ઉપ પ્રમુખ વિજય મેવાવાલા, તત્કાલિન પૂર્વ પ્રમુખ હિમાંશુ બોડાવાલા, માનદ્ મંત્રી નિખિલ મદ્રાસી, માનદ્ ખજાનચી કિરણ ઠુમ્મર, ભૂતપૂર્વ પ્રમુખો, ગ્રૃપ ચેરપર્સન, લેડિઝ વિંગની મહિલા સભ્યો અને વિવિધ ક્ષેત્રની મહિલા સાહસિકો કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. ચેમ્બરના ગ્રૃપ ચેરમેન ડો.બંદના ભટ્ટાચાર્યએ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. વુમન આંત્રપ્રિન્યોર સેલના ચેરપર્સન કૃતિકા

શાહે કાર્યક્રમની માહિતી આપી હતી. વુમન આંત્રપ્રિન્યોર સેલના એડ્વાઈઝર સ્વાતી શેઠવાલા, કો-ચેરપર્સન નિમિષા પારેખ અને સભ્ય રોમા પટેલે વક્તાઓનો પરિચય આપ્યો હતો. ત્યારબાદ ઉપસ્થિત સર્વેના પ્રશ્નોના વક્તાઓ દ્વારા સંતોષકારક જવાબ આપવામાં આવ્યા હતા. અંતે વુમન આંત્રપ્રિન્યોર સેલના એડવાઈઝર જ્યોત્સના ગુજરાતીએ ઉપસ્થિત સર્વેનો આભાર માની કાર્યક્રમનું સમાપન કર્યું હતું.